મારા મનનાં અણુ એ અણુમાં, જાગો જીવન સ્વામી, તુજ જાગ્યે મુજ જીવન જાગે, દિવ્ય પ્રભા રહું પામી

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૪૩ | ૧૧ નવેમ્બર, ૨૦૨૦, બુધવાર; નિ. આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિહારમાં એનડીએ-મહાગઠબંધન લગોલગ

## હાલ મતગણના ચાલુ : એનડીએ ૧૨૨ અને મહાગઠબંધન ૧૧૪ બેઠકો પર આગળ

પટના,તા.૧૦

આજે બિહાર વિધાનસભા ચૂંટણીનું પરિણામ અત્યારે હાલ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આવ્યું નથી પરંતુ પરિણામની વાત કરીએ તો એનડીએ ગઠબંધનને ૧૨૨, મહાગઠબંધનને ૧૧૧ અને અન્યને ૧૦ સીટો મળી રહી છે. સ્પષ્ટ બહુમતી માટે ૨૪૩ સીટોમાંથી ૧૨૨ સીટો મેળવવી જરુરી છે. ૪ વાગ્યા સુધીમાં ૪.૧૦ કરોડ વોટમાંથી ૨.૨૫ કરોડ વોટ એટલે કે અંદાજે ૫૫ ટકા વોટની ગણતરી પૂરી થઈ ગઈ છે. જોકે આરજેડીએ દાવો કર્યો છે કે, બિહારે પરિવર્તન કરી દીધું છે અને મહાગઠબંધનની સરકાર બનવાનું નક્કી છે. આરજેડીએ કહ્યું છે કે, દરેક જિલ્લામાં મળતી માહિતી પ્રમાણે સ્થિતિ અમારી ફેવરમાં છે. મતગણતરી મોડી રાત સુધી ચાલશે. દરેક ઉમેદવાર અને એજન્ટ કાઉન્ટિંગ પૂરું ન થાય ત્યાં સુધી તેઓ કાઉન્ટિંગ હોલમાં જ રહેશે.

બિહાર ચૂંટણીના રુઝાનમાં એક કલાકમાં બે સરકાર બનતી જોવા મળી રહી છે. સવારે ૯ વાગે મહાગઠબંધનને ૧૨૦ સીટ મળી ચૂકી હતી અને એનડીએ ૯૦+ સીટ પર હતી. ૧૦ વાગતાં વાગતાં તસવીર બદલાઈ ગઈ. હાલ એનડીએ વધીને ૧૨૨ પહોંચી ગઈ અને મહાગઠબંધન ઘટીને ૧૧૧ પર આવી ગઈ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં આરંભિક તબક્કે તીવ્ર રસાકસી પછી હવે એનડીએની સરસાઈ સતત વધી રહી છે અને મહાગઠબંધન બે આંકડામાં સમેટાઈ રહેલું જણાય છે. પીછેહઠ કરનારા મહારથીઓ પૈકી શત્રુઘ્ન સિંહાનો પુત્ર લવ સિંહા ઉપરાંત દિગ્ગજ નેતા શરદ યાદવની પુત્રી પાછળ ચાલી રહ્યાં છે. લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજપ્રતાપ પણ હાલ પાછળ છે. પોતાને મુખ્યમંત્રીપદની દાવેદાર ગણાવનાર પુષ્પમ પ્રિયા બંને બેઠક પર પાછળ છે.

ત્રણ તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં ૭.૩૪ કરોડ મતદાતામાંથી ૫૭.૦૫%એ મતદાન કર્યું. ૨૦૧૫માં ૫૬.૬૬% મતદાન થયું હતું. આ વખતે ૩,૭૩૩ ઉમેદવાર મેદાનમાં છે, જેમાંથી ૩,૩૬૨ પુરુષ, ૩૭૦ મહિલાઓ અને ૧ ટ્રાન્સજેન્ડર છે.

ભાજપને રાજ્યમાં ૨૦૧૫થી વધુ બેઠકો મળતી હોય તેવું લાગે છે. હમણાં સુધીમાં ભાજપ ૭૦થી ૮૦ બેઠક મેળવી શકે છે. ૨૦૧૫માં તેણે ૫૩ બેઠક જીતી હતી. જેડીયુને આશરે ૨૦થી ૨૫ સીટનું નુકસાન થઈ રહેલું જોવા મળે છે. તેને ૪૫થી ૫૦ બેઠકો મળી શકે છે.

વર્તમાન પરિણામોની સાથે બિહાર અને દ્વન્દ્વમાં ઘણો ફેરફાર થવાનો છે. બિહારમાં ભાજપ અને જેડીયુની ભૂમિકા અને સ્થિતિ બંને બદલાશે. જેડીયુ અત્યારસુધીમાં બિહારમાં ભાજપના મોટા ભાઈની ભૂમિકામાં હોય છે. સીટોની વહેંચણીમાં પણ આ જોવા મળ્યું હતું. નીતીશ કહી રહ્યા છે કે અમે બિહારમાં રાજનીતિ કરીશું, ભાજપ કેન્દ્રમાં રાજનીતિ કરે.

મોટા અને નાનાભાઈની ભૂમિકામાં ફેરફાર એક-બે વર્ષમાં નહીં, પણ ૨૦ વર્ષમાં થયો છે. કેટલીક ચૂંટણીઓમાં ભાજપને પણ જેડીયુ કરતાં વધારે બેઠકો મળી હતી. આ હોવા છતાં જેડીયુ અને નીતીશે ભાજપને નાનો ભાઈ ન માન્યો.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુએ ૧૭-૧૭ બેઠક પર અને એલજેપીએ ૬ બેઠક પર ચૂંટણી લડ્યું હતું. ભાજપે તેના ક્વોટામાં તમામ ૧૭ બેઠક જીતી લીધી હતી.





### બિહારમાં પક્ષવાર છેલ્લી પરિસ્થિતિ

| | |
|---|---|
| **એનડીએ** | **૧૨૨** |
| ● ભાજપ | ૭૨ |
| ● જેડીયુ | ૪૩ |
| ● વીઆઈપી | ૦૪ |
| ● હમ | ૦૩ |
| **યુપીએ** | **૧૧૪** |
| ● આરજેડી | ૭૭ |
| ● કોંગ્રેસ | ૧૯ |
| ● ડાબેરી | ૧૮ |
| **લોજપા** | **૦૦** |
| **અન્ય** | **૦૭** |

### મતગણતરીમાં ગરબડનો આક્ષેપ

પટના, તા.૧૦

બિહારની મતગણતરીના અંતિમ કલાકોમાં ભારે ગરબડના આક્ષેપો યુપીએના નેતાઓએ કર્યા હતા. આરજેડીના મહામંત્રી મનોજ જ્હાએ ખુલ્લેઆમ આક્ષેપ કર્યો હતો કે, ૧૯ વિધાનસભા બેઠકો એવી છે કે જેમાં યુપીએના ઉમેદવારો જીત્યા છે પરંતુ ચૂંટણી અધિકારી દ્વારા પ્રમાણપત્ર અપાતા નથી. દબાણ ઉભા કરી અને એનડીએ પરાજયને વિજયમાં બદલવા કાવતરું કરી રહી છે. સાથોસાથ તેજસ્વી યાદવના નિવાસસ્થાને આરજેડીના કાર્યકરો દ્વારા ધરણા પણ આરંભાયા છે.

### અર્નબ ગોસ્વામી જામીન માટે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવશે

મુંબઈ, તા. ૧૦

રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીએ સુપ્રીમ કોર્ટમાં બોમ્બે હાઈકોર્ટના તેના વચગાળા જામીન રદ કરવાના ચુકાદાને પડકાર્યો છે. ૨૦૧૮માં ઈન્ટીરિયર ડિઝાઈનર અન્વેય નાઈકને આત્મહત્યા માટે દુષ્પ્રેરણના કેસમાં બોમ્બે હાઈકોર્ટે સોમવારે અર્નબ ગોસ્વામીને વચગાળાના જામીન આપવો ઈક્કાર કર્યો હતો. અર્નબ ગોસ્વામીએ વકીલ નિર્મેષ દુબે મારફતે બોમ્બે હોઈકોર્ટના ઓર્ડર સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. મુંબઈ પોલીસે ૪ નવેમ્બરના અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી હતી અને તેને કોવિડ કેર સેન્ટર એવી શાળામાં રખાયો હતો. જ્યાં તે મોબાઈલનો દુરૂપયોગ કરતો હોવાનું જણાતા તેને મુંબઈની તલોજા જેલ શિફ્ટ કરાયો હતો.

### છેલ્લે... છેલ્લે...

- મધ્યપ્રદેશમાં ૨૮ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપને ૨૦ બેઠક તથા કોંગ્રેસને ૭ બેઠક મળી.
- ઉત્તરપ્રદેશમાં ૮માંથી ૭ બેઠક પર ભાજપ વિજયી જ્યારે ૧ બેઠક સપા વિજયી
- રાજ્યના પૂર્વમંત્રી અને મિલ્સેંટ ઘરઘંટીના માલિક રોહિતભાઈ પટેલનું નિધન
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નૂતન વર્ષ દિને શુભેચ્છા આદાન-પ્રદાનનો કાર્યક્રમ મોકુફ રાખ્યો છે.
- ગાંધીનગરના જાણીતા ફિઝીશીયન ડો. પરેશ વોરાના પત્ની અને પેથોલોજીસ્ટ ડો. મયુરીબેન વોરાનું મોડીસાંજે નિધન
- ગાંધીનગર શહેર ભાજપના નવ નિયુક્ત પ્રમુખ રૂચિર ભટ્ટ ૧૧મીએ સવારે ૧૦-૩૦ કલાકે હોદ્દો ગ્રહણ કરશે.

### શેરબજારમાં દિવાળી પહેલા દિવાળી : ૬૮૦ પોઈન્ટનો કૂદકો

#### નિફ્ટીમાં ૧૭૦ પોઈન્ટનો મોટો ઊછાળો, સેન્સેક્સ ઓલટાઈમ હાઈ ૪૩,૨૭૭ સપાટી ઉપર બંધ રહ્યો

મુંબઈ, તા. ૧૦

વૈશ્વિક બજારોને પગલે છેલ્લા કેટલાક દિવસોથી જોરદાર તેજીમાં ચાલી રહેલું ભારતીય શેરબજાર આજે રેકોર્ડબ્રેક સપાટીને સ્પર્શ્યા બાદ



૬૮૦ પોઈન્ટ્સના વધારા સાથે પોતાના સર્વોચ્ચ સ્તરે બંધ થયું છે. આજે સેન્સેક્સ ૪૨,૯૫૯ પોઈન્ટ્સ પર ખૂલ્યો હતો અને ૪૩,૩૧૬ની સપાટીને સ્પર્શ્યા બાદ ૪૩,૨૭૭ પર બંધ થયો હતો.નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૨,૬૪૩.૯૦ પોઈન્ટના તેના સર્વકાલિન ઉચ્ચ સ્તરને સ્પર્શ્યા બાદ છેલ્લે ૧૭૦.૦૫ પોઈન્ટ અથવા ૧.૩૬ ટકાની વૃધ્ધિ સાથે ૧૨,૬૩૧.૧૦ પોઈન્ટ પર બંધ થયો હતો. આજે આઈટી અને ફાર્મા સિવાયના મોટાભાગના શેર્સમાં જોરદાર તેજી જોવા મળી હતી. સેન્સેક્સના ૩૦ શેર્સમાં બજાજ ફાઈનાન્સ ૮.૮૪ ટકાના ઉછાળા સાથે ૪૨૦૮ રુપિયા પર પહોંચી સૌથી વધારો શેર રહ્યો હતો. ત્યારબાદ ઈન્ડસિન્ડ બેંકમાં ૭.૭૧ ટકા અને એલએન્ડટીમાં ૬.૯૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એચડીએફસી ટ્વીન્સ પણ આજે જોરદાર ઉછળ્યા હતા. આ સિવાય આઈસીઆસીઆ, એસબીઆઈ, એક્સિસ, બજાજફિનસર્વ, જેવી બેંકોના શેર્સમાં પણ તેજી જોવા મળી હતી.

બેંક શેર્સમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી તો તેની વિરુદ્ધ આઈટી શેર્સમાં આજે સારું એવું ધોવાણ નોંધાયું હતું. સેન્સેક્સમાં સૌથી વધુ ઘટનારો શેર ટેક મહિન્દ્રા રહ્યો હતો, જે ૫.૭૩ ટકા તૂટ્યો હતો. આ સિવાય ઈન્ફોસિસ, ટીસીએસ, એચસીએલ પણ ઘટાડા સાથે બંધ થયા હતા.

ઓટો શેર્સમાં આજે તેજી જોવા મળી હતી. અશોક લેલેન્ડ આજે ૭.૯૪ ટકા ઉછળ્યો હતો. આ સિવાય આયશર મોટર્સમાં પણ સામાન્ય તેજી જોવા મળી હતી. જોકે, મારુતિ આજે ઘટાડા સાથે બંધ થયો હતો. મધરસન સુમીમાં પણ આજે સામાન્ય તેજી જોવા મળી હતી.

### દિલ્હીમાં પ્રદૂષણ ભયાનક સ્તરે

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશની રાજધાની નવી દિલ્હીમાં આંતરિક કટોકટી જાહેર કરવી પડે એટલી હદે પ્રદૂષણ વધી ગયું હતું. પાટનગરના મોટા ભાગના વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦૦ના આંકને વટાવી ગયો હતો. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે હવા હજુ વધુ ઝેરી બને એવી શક્યતા હોવાની આગાહી કરી હતી. મંદિર માર્ગ, પંજાબી બાગ, નજફગઢ, શ્રી અરવિંદ માર્ગ, પૂસા, રોહિણી, પડપડગંજ, જવાહર લાલ નહેરુ સ્ટેડિયમ વગેરે વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦૦ના આંકને વટાવી ગયો હતો.

### દુઃખદ અવસાન



મારા ધર્મપત્ની શ્રીમતી **હંસાબેન મધુસુદન ગાંધી** તા.૧૦-૧૧-૨૦૨૦ મંગળવારના રોજ ગાંધીનગર ખાતે સ્વર્ગસ્થ થયા છે.

**વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સદ્દગતનું બેસણું તથા લૌકિક ક્રિયા રાખેલ નથી.**

**મધુસુદન રમણલાલ ગાંધી** (નિવૃત્ત, જોઈન્ટ સેક્રેટરી, ગાંધીનગર)

**જયેશ એમ. ગાંધી - મો.98244 97898** (નિવૃત્ત, ના. કા. ઈ. નર્મદા નિગમ) — **ફાલ્ગુની ગાંધી**

**દિપક એમ. ગાંધી - મો.98250 68134** (વાલ્મી, આણંદ) — **લીના ગાંધી**

## rudraksh CASHEW INDUSTRIES

| | | | |
|---|---|---|---|
| ગુલકંદ કટોરી | ૮૦૦ | કાજુ | ૯૦૦ |
| શાહી ગુલાબ | ૯૦૦ | કાજુ (જમ્બો) | ૧૨૦૦ |
| કાજુ અંજીર રોલ | ૭૦૦ | બદામ | ૭૫૦ |
| સુરજમુખી | ૯૦૦ | બદામ (જમ્બો) | ૯૫૦ |
| કાજુ કેસર સેન્ડવીચ | ૮૦૦ | પિસ્તા | ૧૧૦૦ |
| કાજુ કતરી | ૬૦૦ | અંજીર | ૧૩૦૦ |
| કાજુ ચોકલેટ બોલ | ૮૦૦ | અખરોટ (ફોલેરા) | ૧૪૦૦ |
| કાજુ જેલી કતરી | ૬૫૦ | અખરોટ (આખા) | ૭૦૦ |
| કાજુ પાન | ૯૦૦ | | |
| અંજીર રોલ | ૭૦૦ | | |

For Order : Call & Whatsapp

KATHAN NANAVATI

Mo: +91 90333 99023

### પાવતી બુક ખોવાયેલ છે

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુ.રા.ગાંધીનગર, નોંધણી નં.એ-૨૨૧, તા.૨૨-૦૮-૨૦૦૪, પ્લોટ નં.૧૦૩/૨, સેક્ટર-૩-એ-ન્યુ ના સરનામાવાળી સભ્ય નોંધણી અને ફંડ/દાન એકત્રિત કરવા માટેની પાવતી બુક (૧) પાવતી નં.૮૧૫૧ થી ૮૧૭૫, (૫) પાવતી નં.૮૪૦૧ થી ૮૪૫૦ અને (૩) પાવતી નં.૮૪૫૧ થી ૮૫૦૦ ની ઉર્જાનગર ધોળાકુવા થી ચ-૦ થઈ સેક્ટર-૨ ના સ્વામિનારાયણ મંદિર થઈ ઈન્ફોસિટી જવાના રસ્તે થેલી પડી જવાથી ગુમ થયેલ છે. જે કોઈપણ વ્યક્તિને મળે તેઓએ શ્રી ભરતભાઈ મોડિયા, પ્રમુખ, પ્લોટ નં.૨૫૫/૨, સેક્ટર-૨-બી, ગાંધીનગરને પહોંચાડવા વિનંતી છે.

સંપર્ક નં.૯૭૧૨૭ ૩૨૪૫૬

પ્રમુખ
ડુંગરી-ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.







## SAMARPAN PUBLIC SCHOOL

Sector-28, Gandhinagar - 382028.

**REQUIRES**

**Principal**

(CBSE Board, Primary Section)

**: Qualification :**

Post Graduate With B.Ed.

**: Experience :**

Minimum five years experience in Teaching and Administrative as a Principal in CBSE Board school

**Apply within ten days to :**

Principal, Samarpan Public School,
Samarpan Education & Research Campus
Nr. Kh-7, Samarpan Circle, Sector-28, Gandhinagar

Email : principalschool.sps@samarpancampus.ac.in